**૨૦૨૫-૨૬**
**જનરલ**

સને ૨૦૨૫-૨૬ ના વર્ષ માટેની વહીવટી મંજૂરી બાબત.
સામૂહિક વન નિર્માણ યોજના: વન વિભાગની નર્સરીઓમાં ટોલ સીડલિંગ રોપાના ઉછેર માટેની યોજના(૨૬-૪૪૦૬,બિનઆદિવાસી), વિભાગ-૧ (નવી બાબત)

**ગુજરાત સરકાર**
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંક: FED/EEF/e-file/6/2025/0103/M
સચિવાલય, ગાંધીનગર.
તા. E-sign મુજબ

**વંચાણે લીધા :-**

અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વનદળના વડા, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૨૮/૦૩/૨૦૨૫નો પત્ર ક્રમાંક: PCCFO/BGT/e-file/129/2025/1559/Financial Management.

**ઠ રા વ**

સને ૨૦૨૫- ૨૬ ના નાણાકીય વર્ષના અંદાજપત્રમાં સામૂહિક વન નિર્માણ યોજના (બિન આદિવાસી, ૨૬-૪૪૦૬-૦૧-૧૦૧-૧૦) હેઠળ વન વિભાગની નર્સરીઓમાં ટોલ સીડલિંગ રોપાના ઉછેર માટેની યોજના માટે વિભાગ-૧, નવી બાબત માટે કુલ ૩૮.૦૦કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેનો ખર્ચ કરવા માટે યોજનાકીય વહીવટી મંજૂરી આપવા સંદર્ભદર્શિત પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

**૨.** પ્રસ્તુત બાબતમાં વિચારણાને અંતે, વંચાણમાં લીધેલાં પત્રથી દરખાસ્ત કર્યા મુજબ સદર યોજના હેઠળના નવી બાબતના કામો હાથ ધરવા માટે થનાર ખર્ચ સારુ; નીચે જણાવેલ શરતોને અધીન સને ૨૦૨૫-૨૬ના સમગ્ર વર્ષ માટે કુલ રૂ.૩૮.૦૦કરોડના ખર્ચની નીચે દર્શાવેલ વિગતે આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**મંજૂર કરેલ રકમ**

| | | |
|---|---|---|
| આવર્તક | : | રૂ. ૦૦.૦૦ કરોડ |
| અનાવર્તક | : | રૂ. ૩૮.૦૦ કરોડ |
| **કુલ** | : | **રૂ. ૩૮.૦૦ કરોડ** |

૩. આ અંગે હાથ ધરાનાર કામો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | કામગીરીની વિગત | રૂપિયા(કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૫૩૦૦ મેજર વર્ક્સ (long lasting multi purpose indigenous Trees ૭૬ લાખ મોટા રોપાનો ઉછેર) | ૩૮.૦૦ |
| | આવર્તક | ૦૦.૦૦ |
| | અનાવર્તક | ૩૮.૦૦ |
| | કુલ | ૩૮.૦૦ |

**૪.** આ યોજનાને નીચેની શરતોને અધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧)આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી અ.મુ.વ.સં.શ્રીએ રાખવાની રહેશે.

(૨)આ યોજનાનો અમલ વન વિભાગ નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.

(3)C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૪)યોજનાની મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૫) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૬)યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૭)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૮)આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૯)આ મંજૂરી અંગે કરવાના થતા ખચે અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૦)સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૧૧) આ યોજના અંતર્ગત કરવાની થતી કામગીરીનું વિભાગની અન્ય યોજના સાથે ડુપ્લીકેશન ન થાય તેની તકેદારી અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને સબંધિત અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીએ રાખવાની રહેશે.

**૫.** આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને આધિન ઉધારીને સને ૨૦૨૫-૨૬ ના વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૨૬ |
| સેક્ટર | : | (ગ) આર્થિક સેવાઓના મૂડી હિસાબ. |
| સબ સેક્ટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓના મૂડી હિસાબ. |
| મુખ્યસદર | : | ૪૪૦૬- વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન અંગે મૂડી ખર્ચ જોગવાઈ |
| પેટા મુખ્ય સદર | : | ૦૧- વન નિર્માણ |
| ગૌણ સદર | : | ૧૦૧- વન સંરક્ષણ અને વિકાસ |
| પેટા સદર | : | (૧૦) એફએસટી-૮, સામૂહિક વન નિર્માણ |

**૬.** આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણા વિભાગની તા.૦૮/૦૪/૨૦૨૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

હિમાંશુ ગોહિલ
ઉપ સચિવ,
વન અને પર્યાવરણ વિભાગ.

પ્રતિ,

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને વનદળના વડા, ગુજરાત રાજ્ય, અરણ્યભવન, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ, ગુજરાત રાજ્ય, અરણ્યભવન, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, નાણાકીય વ્યવસ્થાપન, ગુજરાત રાજ્ય, અરણ્યભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય અમદાવાદ / રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી(વન), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગ- બજેટ શાખા.
- સિલેકટ ફાઈલ-૨૦૨૫.
- સિસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ – વિભાગની વેબસાઈટ પર મૂકવા માટે.

*Signature Not Verified*

*Signed by:Himanshu Gohil
Under Secretary
Date:2025.04.11
10:58:05 +5:30*



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*